
# ખાડીયા વિધાનસભાનાં અપક્ષ ઉમેદવાર
# રાહુલ ચીમનભાઇ મહેતા



**ઉમર : ૪૨ વર્ષ** ; B Tech, Computer Sci, **IIT Delhi**
MS, Computer Sci, Rutgers Univ, USA

**રાહુલ ચીમનભાઇ મહેતા**
**(અપક્ષ)**




## રાઇટ ટુ રિકોલ પાર્ટી (નોંધણી બાકી)

**મારો પરિચય :** મેં ૧૯૮૬માં IIT-JEEમાં સમગ્ર ભારતમાં બાવનમો નમ્બર મેળવી IIT-Delhi Computer Science માં પ્રવેશ મેળવી, B. Tech. પુરુ કરી, ૧૯૯૪માં ન્યુજર્સી સ્ટેટ યુનિવર્સિટીમા Computer Science માં માસ્ટર્સ (MS) કર્યુ. તે પછી માતા–પિતાની ખરાબ તબિયતને કારણે હું ૧૯૯૯માં ભારત પાછો આવ્યો. ૨૦૦૨થી રાઇટ ટુ રિકોલ, MRCM કાયદાઓનાં લખાણોનાં પ્રચાર માત્ર માટે હું રાજકારણમાં સક્રિય છું. નાગરીકોની જાણ માટે મારે કહેવુ છે કે મારી પાસે ગ્રીનકાર્ડ નથી અને મેં ક્યારેય ગ્રીનકાર્ડ માટે અરજી પણ નથી કરી. રાઇટ ટુ રિકોલનાં કાયદાઓનાં લખાણોનાં પ્રચાર માટે હું ૨૦૦૯માં ગાંધીનગર લોકસભામાં ઉમેદવાર હતો અને મને ૭૩૦૦ મતથી ચોથો નંબર મળેલ.

**મારો તમામ ચુંટણીઓનો મુખ્ય મુદ્દો :** RTR, રાઇટ ટુ રિકોલ એટલે શુ? RTR એટલે એવા કાયદાનાં લખાણોકે જેના દ્વારા આપણે સામાન્ય નાગરીકો બહુમતિ સાબિત કરી સુપ્રિમ કોર્ટનાં ન્યાયાધીશ, પ્રધાનમંત્રીથી લઇ સરપંચ સુધીનાં કોઇપણ અધિકારીને માહિનામાં દુર કરી શકે. આ વિચાર અમેરિકન નહીં, ૧૦૦% ભારતીય છે. સ્વામી **દયાનંદ સરસ્વતી** સત્યાર્થ–પ્રકાશનાં છઠા અધ્યાયનાં પ્રથમ પાના પર કહે છે : **રાજા પ્રજાધીન હોવો જોઇએ** ; અને જો રાજવર્ગ પ્રજાધીન નહીં હોય, તો તે પ્રજાને ખોટા દંડ, વેરા નાખી લુંટી લેશે, અને રાજ્યનો નાશ થશે. અને આ વાત દયાનંદજીએ અર્થવવેદમાથી લિધી છે.

અમેરીકાની પોલીસમાં ભ્રષ્ટાચાર કેમ નહીંવત છે? **એકમાત્ર** કારણ છે – ત્યાં નાગરીકો જિલ્લા પોલીસ કમિશ્નરદુર કરી શકે તેવા કાયદાઓનાં લખાણો છે. **અમેરીકામાં ૯૯ ટકા કોર્ટકેસોમાં ચુકાદાઓ કેમ ૬ મહીનામાં આવે છે? કેમકે ત્યાં નાગરીકો હાઇકોર્ટનાં ન્યાયાધીશો બદલી શકે તેવા કાયદાઓનાં લખાણો છે.** એટલે હાઇકોર્ટનાં ન્યાયાધીશો એવી પરિસ્થિતિ ઉભીજ ન થવા દે, કે ચુકાદાઓ આવતા વર્ષો લાગે. **ટ્યુનિશિયા, ઇજિપ્તમાં નાગરીકોને કેમ વિદ્રોહ કરવાની ફરજ પડી? કેમકે ત્યાં રાઇટ ટુ રિકોલનાં કાયદાઓ નથી.** જો ટ્યુનિશિયા, ઇજિપ્તમાં રિકોલનાં કાયદાઓ હોત, તો શાંતિથી પ્રમુખોને દુર કર્યા હોત અને વિદ્રોહ ન થાત. ભારતમાં પણ જો રિકોલનાં કાયદાઓ નહીં આવે તો, ભ્રષ્ટાચાર, સગાવાદ વધતો જશે અને વિદ્રોહ, જાનહાનિ, માલહાનિની શક્યતાઓ વધતી જશે.

૧૯૭૭ના જનતા પાર્ટીના જે ઘોષણાપત્રથી વાજપાઇ, અડવાણી મંત્રી થયા તેમાં રિકોલની ખાત્રી હતી. પણ કોઇ કાયદાનું લખાણ ન આવ્યુ. ભારતની અનેક સમસ્યાઓનું મુળ છેઃ નાગરીકો પ્રધાનમંત્રી, અન્ય મંત્રીઓ, અધિકારીઓ, ન્યાયાધીશોને ૧–૨ મહીનામાં દુર કરી શકે તેવા કાયદાઓનાં લખાણો નથી. દા. ત. -- (૧)ગાયો કેમ કપાય છે? દારૂ કેમ ખુલેઆમ વેચાય છે? કેમકે નાગરીકો પાસે પોલિસ કમિશનર્સની બદલવાની કે બદલી અટકાવાની સત્તા નથી (૨)ભાવો કેમ વધે છે? કેમકે રિઝર્વ બેંક બેફામ નોટો છાપે છે, કેમકે નાગરીકો પાસે રિઝર્વ બેંકનાં ગવર્નરને બદલવાની સત્તા નથી . (૩)અને શિક્ષણ અધિકારી પર રિકોલ હોત, તો સરકારી શાળાઓનું શિક્ષણ સારુ હોત અને ખાનગી શાળાઓની ફી, દાદાગીરી ઓછી હોત.

જે નાગરીકોને ભારતમાં રાઇટ ટુ રિકોલ યાને પ્રજાધીન રાજાનાં કાયદાઓનાં લખાણો ઇચ્છે છે, અને અઠવાડિયામાં ૧ કલાક (ડોનેશન શુન્ય) આપવા માંગે, તેમને મારી નીચે મુજબ વિનંતીઓ છે.

૧. તમામ ઉમેદવારોને, **બુદ્ધીજીવીઓને** પુછવુ કે તેઓ રિકોલના કાયદાઓનાં લખાણોનાં ટેકેદાર છે? રિકોલ વિરોધીને મત આપવો તે પાંચ વર્ષની ગુલામી છે. રિકોલ વિરોધી નેતાને મત ન આપવો. રિકોલ વિરોધી બુદ્ધીજીવીઓનો બહિષ્કાર કરવો. અને રિકોલને ટેકો આપતા હોય, તો તેમની પાસે કાયદાનું લખાણ માંગવુ. લખાણ વગરનો ટેકો સહી વગરનો ચેક છે.

૨. પ્રધાનમંત્રી, તમામ મુખ્યમંત્રીઓને વિનંતી કરવીકે તેઓ કલેકટરોને આદેશ આપે, કે જો નાગરીક તેની ફરીયાદને પ્રધાનમંત્રી/મુખ્યમંત્રીનાં વેબસાઇટ પર મુકવા માંગતો હોય, તો કલેક્ટરે રુ ૨૦ લઇ એફીડેવીટ વેબસાઇટ પર મુકવી. અને અન્ય નાગરીક તલાટીની કચેરીએ રુ૩ આપી પોતાનું નામ ઉમેરી શકે. આ સામાન્ય **વટહુકમ ૪ મહીનામાં ગરીબી, ભ્રષ્ટાચાર ઘટાડી દેશે.** વિગત માટે જુઓ **http://rahulmehta.com/001.g.pdf**

૩. ખનિજ, ૨G સ્પેટ્રમ રોયાલ્ટી અને સરકારી જમીનનુ ભાડુ (દા.ત. મેનેજમેન્ટ વસ્ત્રાપુર પ્લોટનુ ભાડુ, એરપોર્ટોના પ્લોટોનુ ભાડુ) **સીધુજ** નાગરીકો, સેનાને મળે, તેવો કાયદાનાં લખાણને ટેકો આપવો. દા.ત. માનો ખનિજ રોયાલ્ટી , સરકારી જમીનનું ભાડુ જાન્યુ–૨૦૧૧માં રુ ૪૫૦૦૦ કરોડ આવ્યુ. તો રુ ૧૫૦૦૦ કરોડ સેનાને અને આશરે રુ ૩૦૦ દરેક નાગરીકના પોસ્ટ, બેંક ખાતામાં આપવા. આથી સૈન્ય શક્તિ વધશે, ગરીબી ઘટશે , નક્સલવાદ ઘટશે, ધર્મ–પરિવર્તન ઘટશે.

૪. વધુ માહિતી માટે **http://rahulmehta.com**,'રાઇટ ટુ રિકોલ' ફેસબુક ગ્રુપ જોઇન કરવુ. અથવા મને MehtaRahulC@yahoo.com પર ઇમેલ મોકલવો અને ઇન્ટરનેટ ન હોયતો, એફ૧/એ, સુપથ–૨, જુનાવાડજ બસસ્ટેન્ડ, અમદાવાદ પર પોસ્ટકાર્ડ મોકલવુ, યા ૯૮૨૫૧–૨૭૭૮૦ પર ફોન કરવો.

આ ચુંટણી જાહેરખબર જાહેરમાં વાંચવી, ચોંટાડવી, ઝેરોક્ષ આપવી (પ્રકાશક : રાહુલ મહેતા)

UNREGISTERED VERSION
REGISTERED VERSION ADDS NO WATERMARK
www.print-driver.com